# માર્ગ અને મકાન વિભાગ

# ગુજરાત સરકાર

# દ્વિતિય ગુજરાત રાજય ધોરી માર્ગ યોજના

# (GSHP-II)

## ધંધુકા – ધોલેરા રોડ (એસ.એચ.– ૨૦)

## પુનઃવસન અમલીકરણ કામગીરી આયોજન, કાર્યકારી સમીક્ષા

**ઓકટોબર, ૨૦૧૯**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૧ |
| ૨ | યોજના માર્ગ (કોરીડોર) નું વર્ણન | ૧ |
| ૩ | પુન:વસવાટ યોજનાના ઉદેશો | ૧ |
| ૪ | યોજના માર્ગનો હક્ક ( ROW) અને પ્રભાવી યોજના માર્ગ (COI) | ૨ |
| ૫ | પુન:વસન યોજના સંબધિત માળખું | ૨ |
| ૬ | પુન:વસન યોજના નાં મુળભુત સિધ્ધાંતો | ૨ |
| ૭ | આખરી નિર્ધારીત તારીખ | ૪ |
| ૮ | જમીન અને બાંધકામ (માળખા) ઉપર પ્રભાવ (અસર) | ૪ |
| ૯ | જમીન સંપાદન | ૪ |
| ૧૦ | અસરના પ્રકાર | ૪ |
| ૧૧ | સરકારી કલાસંસ્કૃતિ અને સામાજીક સંકુલો પર અસર | ૪ |
| ૧૨ | સામાજીક અને આર્થિક રૂપરેખા (છબી) | ૫ |
| ૧૩ | જાહેર પરામર્શ (લોક પરામર્શ) | ૫ |
| ૧૪ | અમલીકરણ વ્યવસ્થા | ૫ |
| ૧૫ | પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમ | ૫ |
| ૧૬ | બિનસરકારી સંસ્થા (NGO) અથવા પુન:સ્થાપન અમલીકરણ એજન્સી દ્વારા (પુન:સ્થાપન) અમલીકરણ ટેકો | ૬ |
| ૧૭ | ફરીયાદ નિવારણ તંત્ર (GRM) | ૭ |
| ૧૮ | ફરિયાદ નિવારણ સમિતિ (GRC) ની જવાબદારીઓ | ૮ |
| ૧૯ | અમલીકરણ અને મુલ્યાંકન | ૮ |
| ૨૦ | જાહેર પરામર્શ (લોક પરામર્શ) અને જાહેરાત | ૮ |
| ૨૧ | પુન:સ્થાપન તૈયારીના અમલીકરણની અનુસૂચિ | ૮ |
| ૨૨ | પુન:વસન અંદાજ પત્રક | ૯ |

## (૧) પ્રસ્તાવના:-

(૧) ગુજરાત રાજ્ય ધોરીમાર્ગ યોજના દ્વારા માર્ગ અને મકાન વિભાગ (મા.મ વિભાગ) ગુજરાત સરકાર અને વિશ્વબેંકે પોતાની કુશળ ભાગીદારી ચાલુ રાખી છે. દ્વિતીય ગુજરાત રાજ્ય ધોરીમાર્ગ યોજના (GSHP-II) દ્વારા સ્ટેકહોલ્ડરોની ભાગીદારીથી સમુદાયોને સશક્તિકરણ તરફ આગળ વધારવાનો તથા રોડ ઇન્ફ્રાસ્ટ્રકચરને ઉન્નત બનાવવાનો પ્રયાસ માર્ગ અને મકાન વિભાગ ગુજરાત સરકાર દ્વારા સતત ચાલુ છે. હયાત રાજ્ય ધોરીમાર્ગોની મજબુતી, ઉન્નતી તથા અમલીકરણ માટે વિકાસ પ્રક્રિયાને સતત ચાલુ રાખતા માર્ગ અને મકાન વિભાગ ગુજરાત સરકારે GSHP-II હેઠળ ૧૦૩.૩૮૯ કિ.મી. લંબાઇના વધારાના ત્રણ (૩) રાજ્ય ધોરી માર્ગો પસંદ કર્યા છે. આ ત્રણ માર્ગોને જરૂરીયાત મુજબ સૂચિત પુન:વસન/મજબુતીકરણ અને વિસ્તરણ માટે પ્રસ્તાવિક કરેલ છે. DPR ની તૈયારીના ભાગ રૂપે આ ૩ યોજના માર્ગો માટે સામાજીક સુરક્ષા અહેવાલો બનાવવામાં આવેલ છે.

## (૨) યોજના માર્ગ (કોરીડોર) નું વર્ણન:-

(૨) આ યોજના માર્ગ ધંધુકા (૦. ૦૦૦ કિ.મી) થી શરૂ કરીને ધોલેરા (૨૭.૦૦૦ કિ.મી) ખાતે પુરો થાય છે. તેની સૂચિત લંબાઇ ૨૭.૦૦૦ કિ.મી છે, જેમાં દ્વિ-માર્ગીય રસ્તા ઉપરાંત બાજુની સાઇડો (પડખા) ને પાકા પહોળા કરવાનું આયોજન છે. હાલ ૫.૫૦ મીટર હયાત સપાટીવાળા (પહોળાઇવાળા) યોજના માર્ગને ૭.૦૦ મીટરની સપાટીવાળો રસ્તો કરવાનું વિચારાયું છે. યોજના માર્ગ ની હદ (ROW; રસ્તો-ભોગવટા) ની ૨૪.૦૦ મીટરની અંદર સુધારો કરવાનું આયોજન હોઇ નવીન જમીન સંપાદન કરવાની રહેતી નથી, અને પ્રભાવી યોજના માર્ગ (COI) ની બહાર કોઇપણ ભાગમાં વિસ્તરણ, કે ભૌમિતિક સુધારણા કરવાની રહેતી નથી.

## (૩) પુન:વસવાટ યોજનાના ઉદ્દેશો:-

**(૩)** પુન:વસવાટ યોજનાનો ઉદ્દેશ એ છે કે, અસરગ્રસ્ત લોકોને નીચે દર્શાવેલ વિગતથી વંચિત ન રહે.

**(૧)** પુન:વસવાટ અંગે તેમને ઉપલબ્ધ વિકલ્પો અને હકો અંગે જાણ થાય.

**(૨)** યોજનાને કારણે તેઓએ ગુમાવવી પડતી મિલકત (અસ્કાયમતો) પુન:નુર્માણ કરવા થયેલ ખર્ચનું સંતોષકારક વળતર ઝડપી અને અસરકારક રીતે પુરુ પાડવામાં આવશે તેની ખાત્રી થાય.

**(૩)** અસરકારક લોકોની આજીવિકા અને જીવનધોરણ યથાવત જાળવી શકે તેટલા માટે નવા સ્થળે જવાના સમયગાળા માટે હેરફેરમાં થતો ખર્ચ અને આવાસ બદલીના ભથ્થા ચુકવવા જેવી સહાય પુરી પાડવામાં આવશે તેની ખાત્રી થાય.

**(૪)** વળતર ચુકવવા ઉપરાંત તાલીમ તેમજ જરૂરી માર્ગદર્શન જેવી કૌશલ્ય વિકાસ સહાય પણ ઉપલબ્ધ કરાશે તે બાબતની જાણ થાય.

**પુન:વસવાટ યોજનાના વધારાના ઉદ્દેશો નીચે મુજબ છે.**

- પ્રતિકુળ અસરો જણાવી તેની અસર ઓછામાં ઓછી થાય તેવા પગલા લેવા-ઝડપી કાર્યવાહી કરવી
- અસરગ્રસ્ત લોકોને વળતર ચુકવવા માટેના હયાત ઉપલબ્ધ હક્કો અને તેમની જીવનશૈલી પુન:વસવાટ પછીના સમયમાં સુધારવા અથવા હાલના ધોરણે તેઓની જીવનશૈલી જળવાઇ રહે તેવું આયોજન કરવું.

**(૪) યોજના માર્ગનો હક (રસ્તા ભોગવટાનો હક) અને પ્રભાવી યોજના માર્ગ[1]**

(૪) હાલમાં યોજના માર્ગનો હક્ક, (ROW) રસ્તા ભોગવટાનો હક્ક ૨૪.૦૦ મીટર સુધીનો છે. રસ્તા યોજનાની[1] હદ અંદર અને આજુબાજુને લગતી ખાનગી મિલકતોના હક્ક દાવાની ચકાસણી સામાજીક ટીમે ચકાસણી કરી લીધેલ છે. યોજના માર્ગમાં સૂચિત રસ્તાની પહોળાઇ ૧૬.૦૦ મીટર છે. યોજના માર્ગના અમલ વખતે જમીન અને અન્ય મિલ્કતો અને સ્વિકૃત ડિઝાઇન (આલેખ) ના સિધ્ધાંતોનો અને ધારાધોરણોને ધ્યાને લઇ રહેણાંક અને વાણિજ્ય માળખાઓ, શાળાઓ (શૈક્ષણિક સંસ્થાઓ). ધાર્મિક સ્થળો અને કૃષિની જમીનને વિપરીત અસર ઓછામાં ઓછા પ્રમાણમાં થાય તેની કાળજી લીધેલ છે.

**(૫) પુન:વસન યોજના સબંધિત માળખું:-**

(૫) પુન:વસન યોજનાનાં અમલીકરણનું માળખું, તેને લગત સબંધિત કાયદાઓને અનુરૂપ ઘડવામાં આવ્યું છે અને તે ઘડતી વખતે વિશ્વબેંકની સામાજીક બાબતોની લગત. અનૈચ્છિક પુન:વસન અંગેની માર્ગદર્શિકા **O.P.** – ૪.૧૨ ની જરૂરીયાતોને ધ્યાને લીધેલ છે.

**(૬) પુન:વસન યોજના મુળભુત સિધ્ધાંતો:-**

(૬) યોજનાના અમલી કરવાથી અસરગ્રસ્તોની જમીન, યોજના માર્ગ માળખાઓ અને અન્ય અસ્કમાયતો/જેવાં કે ઉભા પાક અને વૃક્ષો છીનવાઇ જવાથી જે ખોટ પડે તે સરભર કરવા જેટલી સહાય અસરગ્રસ્તોને મળી રહે, અસરગ્રસ્તોને (૧) માલિકી હક્ક ધરાવનાર અને (૨) માલિકી હક્ક ન ધરાવનાર એમ બે જુથમાં વિભાજીત કરી તેમને મળવાપાત્ર સહાય આપવા આયોજન છે.

- ઉપરના જુથ પૈકી દરેક કે જે નિ:સહાય સ્થિતિમાં હોય તેઓને વધારાની સહાય મળશે.
- જમીન મેળવવા વળતરની કિંમત ઉપરાંત મહેસુલ વિભાગની લગત ફી માટેના પુન:સ્થાપન અને છેલ્લામાં છેલ્લાં સુધારેલ પુન:વસન અધિનિયમને અનુસરી વળતર નક્કી કરાશે. કોઇ

[1] The Right of Way (RoW) is the lawfully acquired corridor of (public) land owned by the (stage) government and administered by PWD / R & BD; (Client of the project). The CoI is the width required for the actual construction of road, including carriageway, shoulder and embankment.

ચોકસ્સ જમીનનો ટુકડો સંપાદન કરવા અધિનિયમ મુજબ વળતર અને સુધારેલ જંત્રી મુજબની કિંમત વચ્ચેનો તફાવત યોજના ખર્ચ પેટે ઉધારી સહાય તરીકે ચુકવવામાં આવશે.

- ધારાધોરણ મુજબ ભથ્થાઓ પણ આપવામાં આવશે.
- શેષ પડતર જમીનમાં ટુકડા માટે વળતર એવા અસરગ્રસ્તોને ચુકવવામાં આવશે કે, જેઓ આ વળતર મેળવવાપાત્ર હોય અને તે સ્વિકારવા માટે વિકલ્પ આપે.
- બાંધેલ માળખા અને અન્ય મિલકતના નુકશાન માટેનું વળતર તે માળખા અને તે મિલકતને નવેસરથી નિર્માણ કરવા જેટલું ખર્ચ થાય તેટલું ચુકવવામાં આવશે આ વળતર તેઓના કબજામાં રહેલ અથવા લગત વિસ્તાર ખાલી કર્યા પહેલા ચુકવવામાં આવશે.
- આ સહાય એવા અસરગ્રસ્તોને ચુકવવામાં આવશે કે, જેઓની યોજના અમલીકરણ માટે કરવામાં આવતા જમીન સંપાદનને કારણે તેઓની જીવન નિર્વાહની વ્યવસ્થા અસ્ત-વ્યસ્ત થઇ જતી હોય, અસરગ્રસ્તોની જમીન સંપાદન કર્યાની નિર્ધારીત તારીખ, જમીન સંપાદન અને પુનઃસ્થાપન અધિનિયમના સેકશન-૧૧(૧) અંતર્ગત સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રગટ કરાયેલ જાહેરનામાંમાં જણાવેલ હોય, જેઓની પાસે માલિકી હક્કનો આધાર ન હોય તેમના માટે સામાજીક અને આર્થિક મોજણી અને વસ્તી ગણતરીની પ્રારંભિક તારીખ નિર્ધારીત તારીખ ગણાશે.

જે મકાન ધારકો, જમીન માલિકો માન્ય (ગ્રાહ્ય) મોજણી દરમ્યાન ગેરહાજર હોય તેઓને પણ સહાયપાત્ર ગણાશે અને બજેટ પ્રોવિઝનની જોગવાઈની રકમમાં આવા અસરગ્રસ્તોને ચુકવવાની રકમ પણ ઉમેરવામાં આવશે. જો કે નિર્ધારીત આખરી તારીખ પછી યોજના અસરગ્રસ્ત વિસ્તારમાં વસવાટ કર્યા હશે તેઓને કોઈપણ પ્રકારની સહાય કે વળતરપાત્ર ગણવામાં આવશે નહી.

જાહેર મિલકત સંપાદન કરવાથી જે નુક્શાન થાય તેવી જાહેર મિલકતનું પુનoનિર્માણ યોજનાનાં ખર્ચ કરી આપવામાં આવશે સંબધિત સમાજ જોડે પરામર્શ કરી પ્રોજેક્ટ સંકુલ વિસ્તાર બહારની સમાજ સંપતિનાં વિસ્તૃતીકરણનાં પગલાં પણ લેવામાં આવશે.

## ૭. <u>આખરી નિર્ધારીત તારીખ</u>

(૭) માલિકી હક્ક ન ધરાવનાર જમીન – મિલકત ભોગવટો કરતાં અસરગ્રસ્તો માટે આખરી નિર્ધારિત તારીખ સેન્સસ સર્વે શરૂ કર્યાની તારીખ ૪.૭.૨૦૧૭ ગણવી.

## ૮. <u>જમીન અને બાંધકામ (માળખા) ઉપર પ્રભાવ (અસર)</u>

(૮) સુચિત યોજના વિસ્તરણ માટેની સેન્સસ વસ્તી ગણતરી અને સામાજીક આર્થિક મોજણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સુચિત પ્રભાવી યોજના માર્ગ (અસરકર્તા યોજ્ના માર્ગ) ૧૬ મીટર પહોળાઈ ધ્યાને લેવામાં આવેલ. સંવેદનશીલ બાબતો અને પુનઃસ્થાપન વખતે ઓછામાં ઓછુ (જમીન) સંપાદન અને હયાત માળખાંઓને ઓછામાં ઓછી વિપરીત અસર થાય તે બાબતો ડીઝાઈનનો (આલેખન) ઉદ્દેશ છે.

## ૯. જમીન સંપાદનઃ-

(૯) હાલની ૨૪ મીટરનાં યોજના માર્ગના હક્ક (ROW - રસ્તા ભોગવટાના વિસ્તાર) ઉપરાંત વધુ પહોળાઈ કે ભૌમિતિક સુધારા માટે કોઈ પ્રસ્તાવ ન હોઈ જમીન સંપાદન કરવાનું કોઈ આયોજન નથી.

## ૧૦. અસરના પ્રકારો

(૧૦) સુચિત રસ્તા સુધારણાની ૧૪ અંગત, ૨ સરકારી અને ૨ સામાજીક વાડી તેમજ સાંસ્કૃતિક સંપતિને અસર થવાની છે. આમાંથી ૬ સંપતિને મોટી અસર અને ૮ સંપતિને નાના પ્રકારની અસર થવા પામશે (સીધી અસરના સમાવેશ સાથે) જે બાંધકામ માળખાંને મોટા પ્રમાણમાં અસર થવાની છે તે બધાની બિન-માલિકી હક્ક વાળા છે. જે સંપતિ અસરગ્રસ્ત વિસ્તારમાં આવે છે તેમાં ૮ વાણિજ્ય પ્રકારની અને ૬ દબાણકારીઓનો સમાવેશ થાય છે.

## ૧૧. સરકારી કલાસંસ્કૃતિ અને સામાજીક સંકુલો પર અસર

(૧૧) બે સરકારી તેમજ ૨ જેટલા ધાર્મિક સ્થાનોને આ યોજના અમલીકરણથી અસર થશે.

## ૧૨. સામાજીક અને આર્થિક રૂપરેખા (છબી)

(૧૨) અસરગ્રસ્તોની સંખ્યામાં ૧૪ માલિકી હક્ક ન ધરાવનારાઓના કબીલાનો (મિલકતોનો) સમાવેશ થાય છે આ ૧૪ કબીલાઓ (મિલકતો) માં ૪૯ માલિકી હક્ક ન ધરાવનારા વ્યક્તિઓનો સમાવેશ થાય છે. પ્રભાવિત મકાન ધારકોમાં ૧ નિઃસહાય (BPL) ના મકાન ધારકોનો સમાવેશ થાય છે.

## ૧૩. જાહેર પરામર્શ (લોક પરામર્શ)

(૧૩) સુચિત રસ્તા સુધારવા યોજના માર્ગ પર ત્રણ સ્થળોએ જાહેર સલાહ સુચના અંગે બેઠકો યોજાઈ. તેમાં બિરાદરી સમાજ સાથે યોજનાના સુચિત પ્રસ્તાવ અંગે તેમના વિચારો અને સુચનો મેળવવામાં આવ્યા આવા સુચનોમાં વિપરિત અસરો ઘટાડવી, ડીઝાઈનમાં (આલેખનમાં) સુધારો,પુનઃસ્થાપન યોજના તૈયાર કરવા અને તેના અમલીકરણ અંગે સુચનો પ્રાપ્ત થાય અને આ સુચનોનાં આધારે ડીઝાઈનમાં સુધારો ફેરફાર કરવા તેમજ સુચિત યોજના માર્ગ ન્યુનતમ કરવા અંગે જેમાં ધાર્મિક મહત્વ અને માર્ગ સલામતી અંગેની જોગવાઈ તથા અન્ય પગલાં જેવા કે પગેચાલીને રસ્તાઓ ઓળંગનારાઓ માટે ચેતવણી નિશાનીઓ અને સુચનો જેવી બાબતની ચર્ચા થઈ.

## ૧૪. અમલીકરણ વ્યવસ્થા

(૧૪) પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપક એકમ (ઇ.એસ.એમ.યુ): યોજના અમલીકરણને એકમ (પી.આઈ.યુ.) ખાતેનાં મુખ્ય ઇજનેર યોજનાનાં પૂર્ણ રૂપમાં વડા તરીકે રહેશે. યોજના અમલીકરણ એકમ અંતર્ગત મા.મ. વિભાગ દ્વારા પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન અને એકમ (ઈ.એસ.એમ.યુ) ની રચના કરાશે.(પ્રોજેક્ટ) યોજના અંગેના સામાજીક વ્યવસ્થાપન અને પર્યાવરણીય મુદાઓનું ધ્યાન પર્યાવરણીય અને સામાજીક એકમ (ઈ.એસ.એમ.યુ)-યોજના અમલીકરણ એકમ દ્વારા રાખવામાં આવશે. નીતિ નિર્દેશન સહયોગ અને આયોજન આંતરિક મોનિટરીંગ સમગ્રપણે અહેવાલ આપવાની જવાબદારી યોજના અમલીકરણ એકમની રહેશે.

## ૧૫. પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમ

(૧૫) કાર્યપાલક ઈજનેરનો હોદ્દો ધરાવતા અધિકારી પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમ (ઈ.એસ.એમ.યુ) ના વડા તરીકે રહેશે. તેઓ પર્યાવરણ તથા પુનઃસ્થાપનને લગતી બધી જ કાર્યવાહી પ્રવૃતિઓ માટેની જવાબદારી નિભાવશે. મુખ્ય ઈજનેર વિશ્વબેંકને અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા સહાય અપાશે. કાર્યપાલક ઈજનેરને પર્યાવરણીય વિશેષજ્ઞ અને સામાજીક વિશેષજ્ઞ દ્રારા મદદ પુરી પાડવામાં આવશે. પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપક એકમ મા.મ. વિભાગ સચિવાલય ગાંધીનગર થી કાર્યરત રહેશે પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમ સ્થળપ્રવૃતિ સંચાલન માટે પ્રત્યેક સ્થળે ક્ષેત્રીય વિસ્તાર માટે કાર્યપાલક ઈજનેર જવાબદાર રહેશે (રાજ્ય યોજના માર્ગ વિભાગ અંતર્ગત)[2]

## ૧૬. બીનસરકારી સંસ્થા (NGO) અથવા પુનઃસ્થાપન અમલીકરણ એજન્સી દ્વારા અમલીકરણ અંગેનો

(૧૬) પુન:સ્થાપન અને પુન:વસનનું અમલીકરણની યોજના અમલીકરણ એકમ ખાતેના પર્યાવરણીય અને સામાજીક વ્યસ્થાપન એકમ (ESMU at PIU, GANDHINAGAR) દ્વારા કરવામાં આવશે જે માટે આ એકમને પુન:સ્થાપન બીનસરકારી સંસ્થા (NGO) અને અથવા સંયુક્ત રીતે યોજના પ્રબધન સલાહકાર (PMC), રાજ્ય યોજના માર્ગ વિભાગ (SRP DIVISION) મા. અને મ. વિભાગ તથા જે તે યોજના માર્ગના ઇજારદાર (ઠેકેદાર)શ્રીઓ દ્વારા ભેગા મળીને ટેકો પુરો પાડવામાં આવશે

- સૂચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિઓને સંભવિત વિપરીત અસરો વિષે અને આવી અસરો ઓછી કરવાના સંભવિત પગલા વિષે પુન:સ્થાપન અને પુન:વસન માટેની પાત્રતા બાબતે સમજાવવું.
- સૂચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ અને અન્ય બાબતો વિષે ચોપાનિયા સહિતના જાહેરાત સાહિત્યની વહેંચણી કરવી.
- પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થા એકમને જાહેર માહિતીનું અભિયાન ચલાવવા પુન:સ્થાપન અને પુન:વસન પ્રવૃતિઓનાં આરંભે તેના આયોજન માટે સગવડતા આપવી.
- સુક્ષ્મત્તમ યોજના પ્લાન (માઇક્રો પ્લાન) તૈયાર કરવા.
- પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમ દ્વારા આયોજન મંત્રણાઓનાં ભાગ લેવો.
- પુન:સ્થાપન યોજનાનાં અમલીકરણ માટે આધાર પુરો પાડવો.
- યોજનાથી અસર પામેલ વ્યક્તિઓના ઓળખપત્રો તૈયાર કરવા અને આપવા.
- સુચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યકિત માટે વ્યક્તિગત સંયુક્ત બેન્ક એકાઉન્ટ ખોલવામાં મદદ કરવી.
- સુચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિને વળતરની રકમ મળી જાય તે માટે સહાયભુત થવું, વળી નિઃસહાય / અસરગ્રસ્ત ને તેમના નાણાં સમયસર મળી જાય તે માટે તકેદારી રાખવી.
- પુન:સ્થાપન અને પુન:વસનની ગ્રાન્ટ તેમજ વળતરની મળેલી રકમનો ઉત્પાદનલક્ષી ઉપયોગ કરાય તે માટે મદદરૂપ થવું

[2] માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર હસ્તગત રાજ્ય યોજના માર્ગ વિભાગ ની ક્ષેત્રીય કચેરીઓ રાજકોટ, વડોદરા તથા મહેસાણા ખતે કાર્યરત છે.

- સ્ત્રોતનાં આધાર બાબતે તેમજ અન્ય તકો અંગે સમજ આપવી જેથી તેઓ પોતાના સ્વવિકાસ માટે પસંદગી અંગે જાણકાર બને.
- સુચિત યોજનાથી અસરગ્રસ્ત  વ્યક્તિ અંગે સુનિશ્ચિત કરવું કે તેમના માટેના લેણાં ચુકવવા અને વળતર દરેક સભ્યને મળી રહે તેવું ધ્યાન રાખવું/ચોકસાઇ રાખવી.
- પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન એકમને માસિક પ્રગતિ અહેવાલ રજુ કરવો.
- સુચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ માટે આવક રળવા માટેની પ્રવૃતિઓ માટે જરૂરી હોય તેવી તાલીમ નક્કી કરી ખાત્રી કરી લેવી કે સુચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિને તાલીમ પછીનાં ગાળામાં પુરતી મદદ અને આધાર મળી રહે કે જેથી તેઓ આવક રળવાની તેમની પ્રવૃતિ કરી શકે અને તે પણ સુનિશ્ચિત કરી શકે, વ્યક્તિગત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિને નડતી સમસ્યાઓ કે તકલીફોને ફરીયાદ નિવારણ સમિતીને રજુ કરાય છે.

## ૧૭. <u>ફરીયાદ નિવારણ તંત્ર</u>

(૧૭) સુચિત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ માટે ફરિયાદ નિવારણ સમિતિનું ગઠન જીલ્લા સ્તરે કરવામાં આવે છે અને તે સમિતિ તેવી ફરીયાદોનો નિકાલ કરે છે આ પ્રક્રિયાથી તકરારી બાબતો અંગે પતાવટનું કામ જલ્દી થતાં ફરિયાદો ઘટશે જીલ્લા કલેક્ટરનાં વડપણ હેઠળ જીલ્લા સ્તરે આવી કમિટીની રચના થશે યોજના માટે એક ફરીયાદ નિવારણ સમિતિના સભ્ય તરીકે નીચે મુજબની વ્યક્તિઓને મુકવામાં આવશે.

- જીલ્લા કલેક્ટર અથવા કોઈ પદના પદનામિત પ્રતિનિધિ કે જેનો હોદ્દો ઓછામાં ઓછો સહાયક જીલ્લા કલેક્ટરનો હોય, આ નિમણુંકમાં મહિલા અધિકારીને પહેલી પસંદગી આપવામાં આવે.
- મહેસુલ વિભાગમાં જીલ્લા વિકાસ અધિકારી...
- યોજના અમલીકરણ એકમના કાર્યપાલક ઈજનેર અને સામાજીક ક્ષેત્રના કે સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થા અમલીકરણની પ્રક્રિયામાં કોઈ એવી વ્યક્તિ જેને આવા જ પ્રકારની સમસ્યાઓને હાથ ધરવાની આવડત હોય તે અથવા તેણી બહોળા પ્રમાણમાં સન્માનજનક સ્થાન ધરાવતા હોય તેમજ સમસ્યાઓનાં ઉકેલની આવડતવાળા હોય તેઓને જીલ્લા કલેક્ટરશ્રી દ્વારા પસંદ કરવામાં આવશે.

## ૧૮. <u>ફરિયાદ નિવારણ સમિતિ (GRC) ની જવાબદારી નીચે મુજબની રહેશે.</u>

(i) પુનર્વસન અને પુનઃસ્થાપન તેમજ જમીન સંપાદનને લગતા પ્રશ્નોનો હલ કાઢવા માટે તેમજ વ્યક્તિગત યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિને સહાય કરવી તથા આધાર પુરો પાડવો.

(ii) ફરિયાદોને નોધવી, લખી લેવી અને તેની સમયમર્યાદામાં ઉકેલ લાવવો.

(iii) કોઈ પ્રકારના ગંભીર કિસ્સામાં તેની જાણ યોજના અમલીકરણ એકમને કરવી.

## ૧૯. <u>અમલીકરણ અને મુલ્યાંકન</u>

(૧૯) અમલીકરણમાં સામાજીક સુરક્ષાની બાબતે આંતરિક દેખરેખને યોજના અમલીકરણ એકમ દ્વારા સાંભળવામાં આવશે, પુન:સ્થાપન તૈયારી અમલીકરણમાં ગુણવત્તાને વધારવાની સાથે યોજના અમલીકરણ એકમ દ્વારા આંતરિક અમલીકરણ કરાશે બહારનું અમલીકરણ ત્રાહિત

(અન્ય ત્રીજી વ્યક્તિ) દ્વારા અથવા યોજના સંચાલન તજજ્ઞ દ્વારા તકનીકી મુદ્દે તેમજ પર્યાવરણીય કે સામાજીક પાસા અંગે કરવામાં આવશે.

## ૨૦. જાહેર પરામર્શ (લોક પરામર્શ) અને જાહેરાત

(૨૦) પુનઃસ્થાપન અમલીકરણની પ્રક્રિયા પારદર્શી રહે તે માટે શ્રેણીબધ્ધ જાહેર બેઠકોનું આયોજન કરવામાં આવશે.

- પુનઃસ્થાપન તૈયારીનો કાર્યકારી સારાંશ અને સંપૂર્ણ પુનઃવસન નીતિના માળખાંનુ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરવામાં આવશે જેમાં યોજના પ્રભાવિત અસરગ્રસ્ત વ્યક્તિઓની યાદી અને દરેકની પ્રભાવિત થયેલ સંપતિ જાહેર પરામર્શ દ્વારા પ્રસિદ્ધ કરવાની રહેશે, અને તેને દ્વિતીય ગુજરાત રાજ્ય ધોરી માર્ગ યોજના (જી.એસ.એચ.પી.) યોજનાની વેબસાઈટ (www.gshp2.gov.in) ઉપર ઉપલબ્ધ કરવાની રહેશે આ સંપૂર્ણ પુનઃસ્થાપન તૈયારીને વિશ્વબેંકની વેબસાઈટ ઉપર પણ અપલોડ કરીને જાહેર કરવાની રહેશે.

## ૨૧. પુનઃસ્થાપન તૈયારીનાં અમલીકરણની અનુસુચી-

(૨૧) યોજના માર્ગનાં નિર્માણનો સમયગાળો ૨૪ મહિનાનો[3] છે જમીન પરની પુનઃવસન અને પુનઃવસવાટ અંગેની કામગીરી બાદ સીવીલ વર્ક માટે, ખુલ્લો પટ સોંપવાની કામગીરીને ૫ (પાંચ) મહીનાનો સમય લાગશે. ત્યારબાદ બિન સરકારી સંસ્થાઓ/સ્વૈચ્છિક સંસ્થા દ્વારા માર્ગ સુરક્ષા જાગૃતિ એચ.આઈ.વી. એઈડઝ નિવારણ ઝુંબેશ વિગેરે - અંગે અસરગ્રસ્ત વ્યક્તિઓને માટે તાલીમ વગેરે/તથા સમગ્રપણે સંપૂર્ણ અમલીકરણ અને તેની દેખરેખ હાથ ધરવામાં આવશે.

### કોષ્ટક:
### પુનઃસ્થાપન તૈયારી અમલીકરણ અનુસુચિ
### મુખ્ય પ્રવૃતિઓ

| ક્રમ | મુખ્ય પ્રવૃતિઓ | મહિના |
|---|---|---|
| ૧ | પુનઃવસન અને પુનઃસ્થાપન અમલીકરણ સંસ્થા (બિનસરકારી સંસ્થા / NGOની અવેજી માં) દ્વારા પુનઃસ્થાપન અમલીકરણ વ્યવસ્થા ચાલુ કરવી | પ્રથમ મહિને |
| ૨ | (GRC) ફરિયાદ નિવારણ સમિતિ ચાલુ કરવી/સ્થાપના કરવી | બીજે મહિને |
| 3 | માહિતી ઝુંબેશ અને સમુદાય સાથે વિચાર-વિમર્શ | બીજા મહિના પછી, ૨૪મા મહિના સુધી (અર્ધ વાર્ષિક ગાળામાં, દર છ મહીને) |

[3] ઓ.પી.આર.સી. અંતર્ગત આવતાં દરેક યોજના માર્ગ નો બાંધકામ નો સમયગાળો, યોજના નાં કુલ ૩૬ મહિના નાં સમયગાળા ની અંદર, ૧૮ મહિના થી ૩૦ મહિના ની વચ્ચેનો વહેંચાયેલો છે; જે મુજબ માર્ગ અને મકાન વિભાગે પુનઃવસન અને પુનઃસ્થાપન અમલીકરણ ની કામગીરી (RAP Implementation process) ૩૬ મહિના નિયત કરેલ છે.

| | | |
|---|---|---|
| ૪ | વળતર/પુનઃવસન અને પુનઃસ્થાપન/પ્રભાવી યોજના માર્ગમાંથી નડતરરૂપ બાંધકામ / સંપતિનો નિકાલ | બીજા મહિનાથી ૫ મા મહિના સુધી (૫મા મહિના સુધી મા પુર્ણ કરવાનું રહેશે). |
| ૫ | માર્ગ સુરક્ષા અંગે જાગૃતિ | ત્રીજા મહિનાથી પ્રત્યેક એકાંતર મહીને, ૨૪મા મહિના સુધી |
| ૬ | બાહ્ય દેખરેખ અમલીકરણ | ૨જા મહિનાથી પછી દર ૬ મહિને ૨૪મા મહીના સુધી |

## ૨૨. <u>પુનઃવસન અંદાજ પત્રક:-</u>

૨૨. પુન:વસન અને પુન:સ્થાપન ને લગત અંદાજ પત્રક માં બાંધકામ (માળખા) ના વળતર (ખાનગી સંપત્તિ, સાંસ્કૃતિક સંપત્તિ અને સમુદાય સંપત્તિ); **R & R** સહાય અને અણધાર્યા / અનપેક્ષીત ખર્ચને આવરી લેવા માટે નો પરચુરણ ખર્ચો વિગેરે જેવા ઘટકોનો સમાવેશ થાય છે. પુન:વસન અને પુન:સ્થાપન અમલીકરણ ની કામગીરી (RAP Implementation) માટે નો અંદાજીત કુલ ખર્ચ ૭.૮૧ લાખ રૂપિયા છે.